

બાળકો અને નવયુવાનો માટે
Bustan-e-Zehra Association
786-92-110
હાદી
માસિક
રમઝાનુલ મુબારક,
હીજરી સન ૧૪૩૦, ઓગસ્ટ - ૨૦૦૯
واعلیاه
રૂ. 30/-

# દુઆના ઉત્તમ સમય

હઝરત ઈમામ મુહમ્મદ બાકિર (અ.સ.)એ ફરમાવ્યું છે કેઃ દુઆ કરવા માટે પાંચ સમયો ઉત્તમ છે.

(૧) કુરઆન શરીફનું વાંચન (તિલાવત) કરતી વખતે

(૨) અઝાન થતી હોય ત્યારે

(૩) વરસાદ થતો હોય ત્યારે

(૪) જ્યારે મુજાહિદો અલ્લાહના માર્ગે શત્રુઓથી યુધ્ધ કરતાં હોય ત્યારે

(૫) જ્યારે કોઈ અત્યાચાર પીડિત દુઆ કરતો હોય ત્યારે - કેમ કે ત્યારે અર્શે ઈલાહી અને તેની વચ્ચેનો પડદો ખસેડી લેવામાં આવે છે.

(ઉસૂલે કાફી - ભા.૨, હદીસ નં.૩૧૦૧)





E-mail : hadimasik@yahoo.com

بسم الله الرحمن الرحيم


**રમઝાનુલ મુબારક,**

**હીજરી સન ૧૪૩૦, ઓગસ્ટ-૨૦૦૯**

**ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત**

અરવાહોના ફિદાહ, અજ્જજલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :

**આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા**

મુદઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી : **સૈયદ મોહમ્મદ રઝા ગરવી**

કાર્યવાહક તંત્રી : **સૈયદ મોહમ્મદ અખ્તર**

સહાયકો : **અહમદ રઝા ઝુરારહ**

**તાલીમરઝા અજમેરી**

અનુવાદક : **સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી**

આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન : **એ.પી. ગ્રાફીક્સ**


## બઈસ્મેહી તઆલા

વહાલા બાળકો !

અસ્સલામો અલયકુમ !

અલ્લાહનું ઘર 'ખાનએ કાઅબા' છે. અલ્લાહની કિતાબ (પુસ્તક) કુરઆન છે. અલ્લાહનો દીન ઈસ્લામ છે. તેવી જ રીતે અલ્લાહનો મહીનો "રમઝાનુલ મુબારક" છે.

આ મહીનો પોતાની સાથે કેટલી બધી નેઅમતો લઈને આવે છે તેનો અંદાજો એ કથનો (રિવાયતો)માંથી લગાવી શકાય છે જેમાં આ મહીનાને બરકતોનો મહીનો – મગફીરત (ગુનાહોની માફી) નો મહીનો, દુઆઓની સ્વીકાર્યતા (કબૂલ થાય તે) નો મહીનો – દરિદ્રોને (તેમને દાન – દક્ષિણા આપીને) માન–મરતબો આપવાનો મહીનો – ખુદાની દયા–કૃપા (રહમત)નો મહીનો – જેમાં કુરઆન ઉતર્યું છે તે મહીનો – સમિત અને નાતિક કુરઆનનો મહીનો અને શબેકદ્રનો મહીનો કહેવામાં આવ્યો છે.

આ મહીનામાં જ શબેકદ્ર આવે છે. શબેકદ્રમાં લવહે મહેફૂઝ ઉપર કુરઆન ઉતારવામાં (નાઝિલ કરવામાં –લખવામાં) આવ્યું છે અને ઈમામતના સિલસિલાની બીજી કડી – રસૂલે સકલૈન (સ.અ.વ.)ના ફરઝન્દની મુબારક વિલાદતે તો રમઝાન માસની મહાનતામાં અનેકગણો વધારો કરી દીધો છે.

બંદગીના આ માસમાં ખુદાએ ભુખ્યા અને તરસ્યા રહેવાને પોતાની સાચી બંદગી ગણી છે.

અમે આ માસ સાથે સંકળાયેલ એક પુસ્તિકા અને એક પ્રશ્નાવલી પણ પ્રસિધ્ધ કરી છે અને પ્રશ્નાવલીના સાચા ઉત્તરો આપનારને ઈનામો આપવાની પણ ઘોષણા કરી છે.

વહાલા બાળકો !

જે બાળકોએ આ માસમાં રોજા રાખ્યા હોય તે પોતાનો ફોટો–નામ–ઉંમર અને કેટલા રોજા રાખ્યા છે તે વિગતો અમને અવશ્ય મોકલે. અમે તેમને પ્રોત્સાહન આપવા માટે તેમને 'હાદી'માં પ્રસિધ્ધ કરીશું અને તેમને ઈનામો પણ એનાયત કરીશું.

વહાલા બાળકો !

બાળકો તો માઅસૂમ હોય છે. તેમની માઅસૂમ દુઆઓ પાક પરવરદિગારને ખૂબ જ પસંદ આવે છે. રસૂલે ઈસ્લામ(સ.અ.વ.) પણ બાળકોને ખૂબ ચાહતા હતા.

તેથી તમે પણ રમતાં–રમતાં પોતાના 'હાદી' માસિક માટે, તેમાં સેવા આપનારાઓ માટે, તેના ગ્રાહકો અને વાંચનારાઓ માટે દુઆઓ જરૂર કરજો ! કેમકે આ મહીનો દુઆઓ કબૂલ થવાનો ખાસ મહીનો છે.

વસ્સલામ


**વિગતો માટે સંપર્ક :** યુરોપ, અમેરીકા અને કેનેડા માટે : **અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા**

**વાર્ષિક લવાજમ રૂા.૩૦૦/-**



*Bustan -E- Zehra Association*

**Mukhtar Abbas Vasaya**

91, Longthrnton Road, LONDON, SW 16 5QF Tel. : 0044 - 2082866198

Mo.: 00447828958746 E-mail : movasaya@hotmail.com

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :

**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**

ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦

ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨

**E-mail : hadimasik@yahoo.com**

# કુરઆનનો ખૂણો

## હજાર મહીનાઓ કરતાં પણ મહાન રાત




બિસ્મિલ્લાહ હિર્રહમા નિર્રહીમ

ઈન્ના અન્ઝલનાહો ફી લય્લતિલકદ્ર - વમા અદરાકા મા લય્લતુલકદ્ર - લય્લતુલ કદ્રે ખયરૂમ મિન અલ્ફે શહર - તનઝ્ઝલુલ મલાએકતો વર્રુહો ફી હા બે ઈઝ્ને રબ્બેહિમ મિન કુલ્લે અમ્રિન - સલામુન હે યા હત્તા મત્લઈલ ફજર

★ **અનુવાદ :** નિઃશંકપણે અમે તેને (કુરઆન શરીફને) શબેકદ્રમાં નાઝિલ કર્યું છે. (ઉતાર્યું છે.) (૧) શું તમે જાણો છે કે શબેકદ્ર શું છે ? (૨) શબેકદ્ર (તો) હજાર મહીનાઓ કરતાં (પણ) વધારે સારી છે. (૩) આ (શબેકદ્ર)માં મલાએકા (ફરિશ્તાઓ) અને રૂહુલ કુદ્દસ અલ્લાહની આજ્ઞાથી તમામ ઉમૂર (કામો)ને લઈને નાઝિલ થાય છે (ધરતી ઉપર ઉતરે છે) (૪) આ રાત (એટલે આ રાત્રીમાં) પરોઢિયા સુધી સલામતી જ સલામતી છે.

★ **વિવરણ :** રમઝાનના મુબારક માસની ૧૯ - ૨૧ - ૨૩મી રાત્રીને શબેકદ્ર કહેવામાં આવે છે. અને આ રાત્રી એ જ કુરઆન નાઝિલ થવાનો (ઉતારવાનો) સિલસિલો શરૂ થયો હતો. આ રાત્રી તેની મહાનતામાં એક હજાર મહીનાઓ કરતાં પણ ઉચ્ચ છે. આ રાત્રીએ તમામ સૃષ્ટિની તકદીરનો ફેંસલો કરવામાં આવે છે. તેથી દરેક વ્યક્તિનું એ કર્તવ્ય છે કે પોતાની તકદીર સુધારવા માટે આ રાત્રીએ ઈબાદત અને કુરઆન શરીફનું પઠન (તિલાવત) કરતો રહે. જો કે કેટલાંક વર્તુળોમાં (કેટલાંક લોકો - કે સમાજોમાં) શબેકદ્ર પણ મોજમજા કરવાની અને આનંદ માણવાની અને અલ્લાહે જે કાર્યોની મનાઈ ફરમાવી છે તેવા કાર્યો કરવાની જ રાત્રી થઈ ગઈ છે.

એ તો સ્પષ્ટ છે કે મહાનતામાં એક રાત્રી જો હજાર મહીનાઓથી ઉચ્ચ હોઈ શકે તો ખન્દકના યુધ્ધમાં હઝરત અલીનો એક જ વાર પણ બંને જગતોની ઈબાદતોથી બહેતર કેમ ના થઈ શકે ? અને આ તો ખુદ બંને જગતના સરકાર (રસૂલે અકરમ) ની ઘોષણાં છે.

(અલ્લામા જવાદી કૃત કુરઆને મજીદનો અનુવાદ અને વિવરણ)

**શબેકદ્રના મહત્વ અને તેની મહાનતા વિશે ઘણી રિવાયતો (કથનો) છે. દા.ત.**

- આ શબેકદ્રમાં કુરઆન શરીફ નાઝિલ થયું છે.
  (ફિલ્સુફએ રોઝા - દર - ઈસ્લામ- પા.૩૮)
- શબેકદ્રને કુરઆનમાં મુબારક રાત્રી કહેવામાં આવેલ છે. (સૂરએ દુખાન - આયત ૪) આ આયતમાં અલ્લાહ તબારક - વ- તઆલાનું ફરમાન છે કે "પ્રકાશિત કિતાબના સમ! અમે આ કુરઆનને એક મુબારક રાત્રીએ નાઝિલ કર્યું છે. (ઉતર્યું છે.) અમે નિઃશંકપણ અઝાબથી ડરાવીએ છીએ. આ રાત્રીએ હિકમત અને મસલહતના તમામ કાર્યોનો નિર્ણય લેવામાં આવે છે."
- ઈમામ સાદિક (અ.સ.)નું ફરમાન છે કે "તકદીરનું કામ ૧૯મી રાત્રીની શબેકદ્રમાં થાય છે અને તેના ઉપર આજ્ઞાઓ જારી કરવાનું કામ ૨૧મી રાત્રીની શબેકદ્રમાં અને તે અંગે અંતિમ નિર્ણય અને સહી કરવાનું કામ ૨૩મી રાત્રીની શબેકદ્રમાં થાય છે."
  (નૂરૂસ્સકલૈન - ભા.૫, પા.૬૨૬ - હદિસ નં.૬૨)
- નબી અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કે "ખુદાવન્દે આલમે શબેકદ્ર જેવી મહાન રાત્રી ફક્ત મારા અનુયાયીઓ (ઉમ્મત) ને જ આપી છે. આ પહેલા અન્ય કોઈ ઉમ્મતને આ દોલત નથી મળી." (દુર્રેમન્શૂર-ભા.૬, પા.૩૭૧)
- એક હદીસમાં અલી બિન અબીહમઝાથી કહેવામાં આવ્યું છે કે જ્યારે ઈમામ સાદિક (અ.સ.) પાસેથી ૨૧મી અને ૨૩મી શબેકદ્રની મહાનતા વિશે પૂછવામાં આવ્યું ત્યારે ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું કે : "આ બંને રાત્રીઓમાં ૧૦૦ રકઅત નમાઝ પઢો અને શક્ય હોય તો બંને રાત્રીઓએ પરોઢિયું થવા સુધી જાગતા રહો અને (એ રાત્રીઓમાં) ગુસ્લ કરો." અબૂહમઝાએ કહ્યું : "મૌલા ! જો ઉભા રહીને નમાઝ ન પઢી શકું તો ?" આપે ફરમાવ્યું : "તો બેસીને પઢો ?" તેમણે ફરી પૂછ્યું "અને બેસીને પણ ન પઢી શકું તો ?" આપે ફરમાવ્યું : "તો પથારી પર સૂઈને (જાગતાં સૂઈને) પઢો." તેમાં કોઈ વાંધો નથી અને રાત્રીની શરૂઆતમાં તમે થોડીક વારમાં સુઈ પણ જઈ શકો છો. પછી ઉઠીને નમાઝ અને ઈબાદતોમાં લાગી જાવ. કેમકે આકાશના દરવાજા રમઝાનુલ મુબારક માસમાં ખોલી નાંખવામાં આવે છે અને શયતાનોને સાંકળો વડે જકડીને બાંધી દેવામાં આવે છે અને મોમેનીનના આઅમાલ (નેક કાર્યો)આ માસમાં કબૂલ કરવામાં આવે છે."
  (નુરૂસ્સકલૈન - ભા.૫, પા.૬૨૬ - હદીસ નં.૫૮)

વહાલા બાળકો ! જુઓ રમઝાનનો મુબારક મહીનો કેટલો સારો અને કેટલી બધી બરકતોવાળો છે. તમે પણ આ માસમાં રોઝા રાખીને અને ખૂબ ઈબાદતો કરીને સવાબ કમાઈ લેજો. તે તમને દુન્યા અને આખેરત બંનેમાં કામ લાગશે.



# "અલ-મુઅમેનો"

# المومن

આનો અર્થ એ ઝાત (વજુદ) છે કે જે સમગ્ર જગતને રક્ષણ આપવા માટે જવાબદાર છે - એ હસ્તી જે રક્ષણ આપનારી છે.

કુરઆન મજીદમાં પણ આનો ઉલ્લેખ છે :

"અલ મેલકુલ કુદ્દુસુસ-સલામુલ-મુઅમેનુલ-મહૈમેનુલ-અઝીઝુલ-જબ્બારૂલ-મુતકબ્બિર"

માઅસૂમીન અ.સ. એ પોતે પણ પોતાની દુઆઓમાં આ નામનો પ્રયોગ કર્યો છે.

અલહમ્દો લિલ્લાહિલ્લઝી મુઅમેનુલ આએફીન-વ- યુજ્જિસ સાલેહીન

અનુવાદ : પ્રશંસા છે (તે) અલ્લાહની જે બીક રાખવાવાળાઓ (ગુનાહોથી બીક રાખનારાઓ) ને રક્ષણ આપે છે અને નેક લોકોને નજાત (મોક્ષ) આપે છે.

આ નામની કેટલીક ખાસિયતો છે :

(૧) દરરોજ ૧૩૬ વખત "યા મુઅમેનો" પઢનાર જિન્નાત અને મનુષ્યોના તરફથી નુકશાનથી રક્ષિત રહેશે.

(૨) દરરોજ "યા મુઅમેનો" ૧૨૦ વખત પઢવું. તે વસવસા (શંકા-કુશંકાઓ)થી રક્ષણ માટે અત્યંત લાભદાયક છે.

(૩) "અલ મુઅમેનો" શબ્દ વીંટી ઉપર કોતરાવીને તે વીંટી પહેરનાર અને હંમેશા પાક થઈને તેને જોનાર વ્યક્તિ શયતાન તરફથી (દરેક પ્રકારના) નુકશાનથી રક્ષિત રહે છે. તેને પોતાના શત્રુઓ ઉપર સફળતા પ્રાપ્ત થાય છે અને તેનું ઈમાન પણ હંમેશાં રક્ષિત રહે છે.

# આકાશી પુસ્તકોના ઉતરવાનો મહીનો

વહાલા બાળકો !

રમઝાનના મુબારક માસની એક વિશિષ્ટતા એ પણ છે કે આ માસમાં જ આકાશી પુસ્તકો નાઝિલ થયાં (ઉતર્યાં) છે. તેથી રિવાયતોમાં આવ્યું છે કે :

- ઈમામ સાદિક અ.સ.એ અબૂબસીરને ફરમાવ્યું છે કે આ માસની (રમઝાનના પવિત્ર માસની) છઠ્ઠી તારીખે તૌરૈત નાઝિલ થઈ હતી - બારમી તારીખે ઈનજીલ (બાઈબલ) અને અઠારમી તારીખે ઝબૂર નાઝિલ થઈ હતી. અને શબે કદ્રમાં કુરઆન નાઝિલ થયું હતું.

(ફિલ્સુફએ રોઝા - દર - ઈસ્લામ- પા.૩૮)

- જનાબ અબૂઝર ગફ્ફારી (રહે.) એ પણ એવી હદીસ જણાવી છે કે રમઝાનના પવિત્ર માસની શરૂઆતમાં અથવા ત્રણ દિવસો પસાર થઈ ગયાં પછી જનાબ ઈબ્રાહીમ અ.સ.નો સહીફો (તેમના ઉપર ઉતરેલી આકાશી પુસ્તક) નાઝિલ થયો હતો.

(મહેમાન હાએ ખુદા-દર-માહે રમઝાન - પા.૨૭)



# રમઝાન માસની મહાનતા




*વહાલા બાળકો અને નવયુવાન મિત્રો !*

*રમઝાનનો મુબારક માસ આપણાં માટે ખુદા તરફથી શ્રેષ્ઠ ભેટ અને ઈનામ છે. રમઝાનના મુબારક મહીનાની ઘણી મહાનતાઓ અને મહત્વ (હદીસોમાં) વર્ણવવામાં આવેલ છે. આવો ! આવી કેટલી હદીસોનું મનન કરીએ.*

★ **નબીયે અકરમ સ.અ.વ. ફરમાવે છે કે રમઝાનુલ મુબારક એક એવો મહીનો છે જેની શરૂઆતમાં ખુદાની દયા અને કૃપા (રહમત) છે. વચ્ચે ગુનાહોથી માફી (મગફિરત) છે અને અંતમાં નર્કની આગથી છુટકારો (આઝાદી) છે.**

**(બિહાર - ભા.૧૩, પા.૩૪૨)**

★ **નબીયે અકરમ સ.અ.વ.એ ફરમાવ્યું છે કે ખુદાવન્દે આલમ રમઝાનના મુબારક મહીનામાં મારા અનુયાયીઓ (ઉમ્મત) ને પાંચ એવી વસ્તુઓ ઈનાયત કરે છે જે અન્ય કોઈ નબીના અનુયાયીઓ (ઉમ્મતો)ને આપવામાં આવી નથી.**

**(૧) જયારે રમઝાનના મુબારક માસનો પહેલો દિવસ આવે છે, ત્યારે ખુદાવન્દે આલમ મારા અનુયાયીઓ (ઉમ્મત) ઉપર પોતાની દયા અને કૃપાની દૃષ્ટિ નાંખે તે જ તેમના માટે પૂરતી છે કેમ કે તે પછી તે (ખુદા) કોઈને અઝાબ (દુઃખ) આપતો નથી.**

**(૨) ખુદાવન્દે આલમ સમક્ષ રોઝાદારના મોઢાની સુગંધ મુશ્ક અને અંબરની સુગંધીઓ કરતાં વધારે સુગંધવાળી ગણવામાં આવે છે.**

**(૩) રહમતના ફરિશ્તાઓ રાત-દિવસ તેમના માટે (મારી ઉમ્મત-મારા અનુયાયીઓ માટે)**





દુઆ અને ગુન્હાઓની માફીની દુઆ કરતા રહે છે.

(૪) ખુદા સ્વર્ગને આજ્ઞા કરે છે કે તે (સ્વર્ગ-જન્નત) પોતાને અલ્લાહના રોજા રાખનાર બંદાઓ માટે શણગારી લે. કેમકે તેઓ (રોજા રાખનાર બંદાઓ) દુન્યવી કષ્ટ વેઠ્યા પછી (અલ્લાહ પાસેથી) આરામની આશા લઈને આવે છે.

(૫) જ્યારે રમઝાનના મુબારક માસની અંતિમ રાત્રી આવે છે ત્યારે તે (અલ્લાહ) બધાંને (બધા રોઝા રાખનારાઓને) માફ કરી દે છે.

(મહેમાન હાયે ખુદા દર માહે રમઝાન - પા.૫૮)

★ ઈમામ બાકિર અ.સ. ફરમાવે છે કે "ખુદાના સમ! રમઝાનના મુબારક માસ દરમિયાન ખુદાવન્દે આલમ દરેક રાત્રીએ ૭૦ હજાર બન્દાઓને માફ કરી દે છે અને શબેકદ્રની રાત્રિ આવે છે ત્યારે તો તે (ખુદાવન્દે આલમ) શબેકદ્રની રાત્રિ પહેલાં રજબ-શાઅબાન અને રમઝાન મહીનાઓમાં જેટલી સંખ્યામાં બંદાઓને માફ કર્યા હોય એટલી જ સંખ્યામાં (બીજા બંદાઓને) તે એક રાત્રીમાં માફ કરી દે છે. પરંતુ બે પ્રકારના લોકો સિવાય એક એવા લોકો કે જે શરાબીઓ છે જ્યાં સુધી તે તૌબા ન કરી લે ત્યાં સુધી અને બીજા એ લોકો કે જે પોતાના દીની ભાઈઓ સાથે દુશ્મનાવટ રાખનારા લોકોને તેઓ પણ જ્યાં સુધી તે લોકો અરસ પરસ મિત્રતા ન કરે ત્યાં સુધી. (તે માફ નથી કરતો)

(મહેમાન હાયે ખુદા દર માહે રમઝાન - પા.૫૯)

★ નબીયે અકરમ સ.અ.વ.એ ફરમાવ્યું છે કે "એ વ્યક્તિ ખરેખર ઘણો જ કમભાગી છે કે માહે મુબારક રમઝાન પસાર થઈ જાય અને તેના ગુન્હાઓ માફ ન થયાં હોય."

(મીઝાનુલ હિકમત - ભા.૮, પા.૭૪૫)

★ ઈમામ હસન અ.સ. એ ફરમાવ્યું છે કે રમઝાનના મુબારક મહીનાને ખુદાવન્દે આલમે પોતાના બંદાઓ માટે હરીફાઈનું ક્ષેત્ર બનાવીને રાખ્યો છે. જેથી બંદાઓ અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવા માટે અલ્લાહની આજ્ઞાઓનું પાલન કરીને આગળ





# કુરઆનની તિલાવતની ફઝીલતો

વહાલા બાળકો !

કુરઆને કરીમની તિલાવત (કુરઆનનું પઠન-વાંચન તે) આપણાં ઉપર ફરજિયાત છે. એટલું જ નહીં પણ તેની ઘણી મહાનતા અને મહત્વ પણ છે. આવો આ બાબતની કેટલીક હદીસોનું મનન કરીએ.

★ જ્યારે તમને ખુદાથી વાર્તાલાપ કરવાની ઈચ્છા થાય ત્યારે કુરઆનનું વાંચન કરો. (નબીયે અકરમ સ.અ.વ.)

★ ભૂતકાળનું જ્ઞાન અને ભવિષ્યકાળનું જ્ઞાન (એ જ્ઞાન કે જે ભૂતકાળમાં હતું અને આજે નથી અને એ જ્ઞાન કે આજે નથી પરંતુ ભવિષ્યમાં આવશે) મેળવવાની ઈચ્છા ધરાવનારે કુરઆન પઢવું જોઈએ. (નબીયે અકરમ સ.અ.વ.)

★ જ્યારે પણ તમારા હૃદયમાં અલ્લાહના પ્રેમની સરવાણી ફૂટે ત્યારે અલ્લાહની વાણી (કુરઆને કરીમ)ને ધ્યાનથી સાંભળો. (નબીયે અકરમ સ.અ.વ.)

★ પોત-પોતાના ઘરોને તિલાવતે કુરઆનથી પ્રકાશિત કરી દો અને તેને કબ્રસ્તાન ન બનાવી દો. (જે ઘરમાં કુરઆનની તિલાવત નથી થતી તે કબ્રસ્તાન જેવું છે.) જે ઘરોમાં વિશેષ પ્રમાણમાં કુરઆનની તિલાવત થાય છે ત્યાં અલ્લાહની અસિમ કૃપા પણ વિશેષ પ્રમાણમાં હોય છે અને આવા ઘરો આકાશવાળાઓને (ફરિશ્તાઓ) એવી જ રીતે ઝગમગતા દેખાય છે જેવી રીતે પૃથ્વીવાળાઓને આકાશમાં તારા ઝગમગતા દેખાય છે. (નબીયે અકરમ સ.અ.વ.)

★ અલ્લાહની પ્રસન્નતા, દીનની સમજણના આશયથી કુરઆનનું વાંચન કરનાર વ્યક્તિને તમામ ફરિશ્તાઓ, નબીયો, મુરસલીન જેટલું પુણ્ય (સવાબ) પ્રાપ્ત થશે. (નબીયે અકરમ સ.અ.વ.)



E-mail : hadimasik@yahoo.com



★ કુરઆનનું આરંભથી અંત સુધીનું વાંચન કરનાર વ્યક્તિને પોતાની દુઆઓ કુબૂલ થઈ જવાની અલ્લાહની કૃપા (નેઅમત) મળી જાય છે. (નબીયે અકરમ સ.અ.વ.)

★ તમારા પૈકી સર્વશ્રેષ્ઠ એ વ્યક્તિ છે જેણે કુરઆન વાંચતા શીખ્યું અને બીજાઓને પણ (કુરઆન વાંચતા) શીખવાડ્યું. (નબીયે અકરમ સ.અ.વ.)

★ જે કોઈપણ વ્યક્તિએ કુરઆન શીખ્યું- બીજાને શીખવાડ્યું અને તે પ્રમાણે અમલ પણ કર્યો હોય તે વ્યક્તિને સ્વર્ગ (જન્નત) માં પહોંચાડવાની બાંહેધરી હું લઉં છું. (ઈમામ સાદિક અ.સ.)

★ જો આખું જગત કબ્રસ્તાન બની જાય (મારા સિવાય બીજો કોઈપણ જીવિત ન રહ્યો હોય તે સ્થિતિમાં પણ) અને તે વખતે મારી પાસે કુરઆન હોય તો તે એકાંતમાં પણ હું કુરઆનનું વાંચન કરીશ. (ઈમામ સજ્જાદ અ.સ.)

★ નમાઝમાં ઉભા રહીને કુરઆન પઢવાવાળા વ્યક્તિને અલ્લાહ તેના દરેક શબ્દના બદલામાં ૧૦૦ નેકીઓ આપે છે. બેસીને પઢવાવાળાને પચાસ અને નમાઝ સિવાય કુરઆન પઢવાવાળાને અલ્લાહ દરેક શબ્દના બદલામાં દસ નેકીઓ અતા ફરમાવે છે.

હે વહાલા બાળકો ! રમઝાનના મુબારક માસનો આરંભ થઈ ચુક્યો છે. તેથી આવો ! આ માસમાં આપણે ખુબ જ વધારે પ્રમાણમાં કુરઆનની તિલાવત કરી મહાન પુણ્ય (સવાબ)ના હકદાર બનીએ.

# ઈમામ હસન (અ.સ.)ની વિલાદત

૧૫ રમઝાનુલ મુબારક સને ૩ હિજરીમાં અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના નાનકડા મકાનમાં એક બાળકે આંખો ખોલી. જેનું નામ પયગમ્બર (સ.અ.વ.)એ ખુદાની આજ્ઞાથી હસન રાખ્યું. આપનો ઉછેર અલી (અ.સ.)અને ફાતિમા (સલા.) જેવા મહાન અને પવિત્ર માતા-પિતાની છત્રછાયામાં થયો હતો અને આપ પોતાના નાના (પયગમ્બરે અકરમ સ.અ.વ.) અને પોતાના પિતાની વૈચારિક પાઠશાળામાં ઈલાહી શિક્ષણથી સંચિત થતાં રહ્યાં હતાં.

આપની મહત્વતા રસૂલે અકરમ સ.અ.વ.ની દ્રષ્ટિએ એટલી બધી હતી કે એક વખત રસૂલ સ.અ.વ. ડાયસ (મિમ્બર) ઉપરથી ધાર્મિક ભાષણ (ખુત્બો) આપતા હતાં તેવામાં તેમણે કોઈ બાળકના રડવાનો અવાજ સાંભળ્યો. રસૂલ (સ.અ.વ.) ડાયસ (મિમ્બર) ઉપરથી નીચે



ઉતરી પડ્યાં અને ઈમામ હસન (અ.સ.)ને બહેલાવી-ફોસલાવીને શાંત પાડીને પાછા ડાયસ (મિમ્બર) ઉપર ગયાં. જ્યારે લોકોએ આ વર્તનનું કારણ જાણવા માંગ્યું તો આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું કે "હું આ બાળકના રડવાનો અવાજ સાંભળું છું તો દુઃખી થઈ જાઉં છું."

ઘણીવાર પયગમ્બરે અકરમ(સ.અ.વ.) નમાઝે જમાઅતથી પરવારી જતા હતાં ત્યારે ઈમામ હસન (અ.સ.)ને પોતાના ખોળામાં બેસાડીને લોકોને ફરમાવતાં હતાં કે "જેને મારાથી પ્રેમ છે તે વ્યક્તિએ આ બાળક સાથે પણ પ્રેમ કરવો જ પડશે."

જ્યારે આપ સાહેબ (સ.અ.વ.) ઈમામ હસનને પોતાના ખભા ઉપર બેસાડતાં ત્યારે ફરમાવતાં હતાં કે "મને આશા છે કે ખુદા આ બાળકના સદકામાં મારા અનુયાયીઓ (ઉમ્મત)ને પાક (પવિત્ર) કરી દેશે અને એવું પણ ફરમાવતાં


E-mail : hadimasik@yahoo.com

હતાં કે : "હસન અને હુસૈનને પોતાના પ્રિયજન ગણવા તે મને પોતાના પ્રિયજન ગણવા બરાબર છે અને જે વ્યક્તિ આ બંને સાથે દુશ્મની, તેમની ઈર્ષા તેમના પ્રત્યે મનમાં ખરાબ લાગણી રાખશે તે મારો પણ શત્રુ છે." "હસનૈન (અ.સ.) (ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) બંનેને સંયુક્ત સંબોધનમાં હસ્નૈન (અ.સ.) કહેવામાં આવે છે.) તો સ્વર્ગના યુવાનોના સરદાર છે. એક વખત એવું ફરમાવ્યું છે કે "હસન અ.સ. અને હુસૈન અ.સ. તો ખુદાના અર્શના એવા બે અદ્વિતીય મોતી છે જેમના ઉપર સ્વર્ગને પણ ગર્વ છે."

ઈમામ હસન (અ.સ.)નું જીવન માઅસૂમ કુટુંબમાં પસાર થએલ છે. આપે પોતાના નાના મુહમ્મદ અરબી (સ.અ.વ.), પોતાના પિતા અલીયે મુર્તઝા (અ.સ.), પોતાના માતા ફાતેમા ઝહરા (સલા.) અને પોતાના ભાઈ ઈમામ હુસૈન (અ.સ.) સાથે જીવન વિતાવ્યું છે.

આપ ધૈર્ય અને સહનશીલતામાં અદ્વિતીય હતાં. જો કોઈ આપને ભૂંડું કહેતો કે તકલીફ પહોંચાડતો ત્યારે આપ પોતાના ખુબ જ સારા વર્તન અને નરમાશથી તેને પ્રત્યુત્તર આપતાં હતાં અને તેની સાથે સદ્‌વર્તન કરીને તે વ્યક્તિને પોતાનો ચાહક બનાવી લેતાં હતાં.

આપની દાનશીલતા અને દરિયાદીલી એ દરજ્જા ઉપર હતી કે કોઈપણ યાચક આપના બારણેથી ખાલી હાથ પરત જતો ન હોતો. દરિદ્રો માટે આપના ઘરે ઉત્તમ ભોજનનો પ્રબંધ હંમેશા રહેતો હતો. આપે ઘણી વખત અલ્લાહના નામે ઘણી જ દોલત-માલ અસ્બાબ ખેરાત કરી દીધો હતો.

૨૧ માહે રમઝાન સને હિજરી ૪૦માં હઝરત અલી (અ.સ.)ની શહાદત પછી આપને ખિલાફત મળી હતી. તે સમયે આપની ઉંમર ૩૭ વરસની હતી. દસ વરસ સુધી આપે ખિલાફતની ધુરા સંભાળી હતી પરંતુ આ સમયગાળામાં પણ મુઆવિયા અમીરે શામ(લાઅન.) અને ઈસ્લામના શત્રુઓ જેવી બીજી વ્યક્તિઓએ આપને સુખ શાંતિથી જીવવા દીધાં નહોતાં.

મુઆવિયાના કાવત્રાને કારણે પોતાના નાનાની જેમ ઈસ્લામના રક્ષણ કાજે આપે પણ એક સંધિ કરી હતી.



# મગજ કસો

## પેનસીલની કરામત

નીચે બતાવેલ ફોટોગ્રાફમાં ૬ પેનસીલ એવી રીતે મૂકેલ છે કે દરેક પેનસીલ બીજી ૨ પેનસીલને અડે છે. આ જ ૬ પેનસીલને એવી રીતે ગોઠવો કે દરેક પેનસીલ બાકીની ૫ પેનસીલોને અડે.



## સૂચના પ્રમાણેની લાગણીઓવાળા ચહેરા દોરો -






પેનસીલની કરામત



E-mail : hadimasik@yahoo.com

# સાચા રોઝા

**વહાલા બાળકો !**

**ફુરૂએ દીનમાં નમાઝ પછી રોઝાનું વર્ણન આવે છે. દેખીતી રીતે તો ખુદાની આજ્ઞાથી સવારની અઝાનથી લઈને મગરિબની અઝાન સુધી ભૂખ્યા - તરસ્યા રહેવાને રોઝો સમજવામાં આવે છે.**

**પરંતુ વહાલા બાળકો અને પ્રિય નવયુવાનો ! આવું નથી. જ્યારે રોઝો રાખનાર વ્યક્તિ રોઝા દરમ્યાન પોતાની જીભ - આંખ - કાન - અથવા પોતાના શરીરના કોઈપણ અંગ વડે કોઈ ગુનાહનું કાર્ય ન કરે તો જ તેનો રોઝો સાચો રાઝો કહેવાશે. માઅસૂમીન (અ.સ.)એ ફક્ત ભૂખ્યા તરસ્યા રહીને રાખવામાં આવેલ રોઝાને કોઈ મહત્વ આપ્યું નથી.**

★ જનાબ ફાતેમા ઝહરા (સલા.)એ નબીયે અકરમ(સ.અ.વ.)ની હદીસ વર્ણવી છે કે "જો રોઝો રાખનાર વ્યક્તિ પોતાની જીભ - કાન - આંખ અને શરીરના બીજા અંગોને ગુનાહથી બચાવીને ન રાખે તો તેને રોઝાનો શો ફાયદો થશે ?"
(દઆએમુલ - ઈસ્લામઃ હદીસ નં.૧૦૧૩)

★ હઝરત નબીયે અકરમ (સ.અ.વ.) એક વખત ખુત્બો (ધાર્મિક ઉપદેશ) આપી રહ્યાં હતાં. જ્યારે ખુત્બો પૂર્ણ થયો ત્યારે ઈમામ અલી (અ.સ.)એ પ્રશ્ન કર્યો. "હે અલ્લાહના નબી (સ.અ.વ.)! રમઝાનના મુબારક મહીનામાં કરવા લાયક સર્વોત્તમ કાર્યો કયાં છે ?" આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું: "મહાન ખુદાની આજ્ઞાથી વિરૂધ્ધ હોય તેવા દરેક કાર્યોને તજી દેવું (એટલે કે કોઈ પણ ગુનાહ ન કરવા તે) "
(ગંજીનએ મઆરિફ : પા.૪૮૧)

★ એક વખત આપ સાહેબ (સ.અ.વ.)એ જનાબ જાબિર બિન અબ્દુલ્લાહને ફરમાવ્યું હતું કે "આ રમઝાનના મુબારક માસમાં જે વ્યક્તિ દિવસે રોઝો રાખે છે, રાત્રે દુઆ માંગતો રહે છે અને (આખાયે માસ દરમ્યાન) જે પોતાના પેટ - મન - જીભ અને પ્રલોભનો પર કાબૂ રાખે છે તે વ્યક્તિ પોતાના ગુનાહોથી એવી રીતે પાક થઈ જાય છે જેવી રીતે આ રમઝાન માસ આપણાં વચ્ચેથી પસાર થઈ જાય છે." જાબિરે અરજ કરી "હે અલ્લાહના નબી (સ.અ.વ.) કેટલો સારો વાયદો છે ?" નબી (સ.અ.વ.) એ ફરમાવ્યું "પરંતુ જાબિર ! તેની શરતો કેટલી મુશ્કેલ છે ?"
(અલકાફી : ભાગ-૪, પા.૮૭)

★ ઈમામ અલી (અ.સ.)એ ફરમાવ્યું છે કે "પોતાના ગુનાહોની બાબતે ચિંતિત રહેવું તે મનનો રોઝો છે. અને તે ભોજનથી પેટને બચાવી રાખવા (એટલે કે ભૂખ્યા રહેવા) ના રોઝા કરતાં ઉત્તમ છે."
(મીઝાનુલ હિકમત : હદીસ નંબર - ૧૦૯૪૮)

★ જે (રોઝાની હાલતમાં) પોતાની જીભ - કાન - આંખ - અને શરીરના બીજા અંગોને (ગુનાહોથી) રોકતો નથી તેવા રોઝાથી તે રોઝો રાખનારને શો લાભ થવાનો છે ?
(બિહાર : ભાગ-૯૪, પા.૨૨૫)





# રમઝાનુલ મુબારક માસમાં આપણી જવાબદારીઓ

ઈમામ રઝા (અ.સ.)એ પોતાના પૂર્વજોના કથનના આધારે જણાવ્યું છે કે "મૌલા અલી અ.સ. ફરમાવે છે કે રમઝાનુલ મુબારક માસની શરૂઆતમાં એક દિવસ નબીયે અકરમ સ.અ.વ. એ લોકોને સંબધોન કરતાં ફરમાવ્યું કે નિઃશંકપણે રમઝાનનો મુબારક માસ આવી ગયો છે. આ ખુદાનો મહીનો છે અને અલ્લાહની દૃષ્ટિએ આ સર્વોત્તમ માસ છે. આ માસના દિવસો સર્વશ્રેષ્ઠ દિવસો છે. આ માસની રાત્રીઓ સર્વશ્રેષ્ઠ રાત્રીઓ છે. આ માસના કલાકો સર્વોત્તમ કલાકો છે. તે પછી નબીયે અકરમ સ.અ.વ. એ આ માસમાં આપણી જવાબદારીઓ વર્ણવી છે જે પૈકી કેટલીક આ પ્રમાણે છે."



(૧) આ (માસ)માં તમે કરામતવાળા છો તેથી તમે અલ્લાહ પાસે નિખાલસતાથી અને પવિત્ર હૃદયથી (સાચા હૃદયથી) પાપો અને બુરાઈઓ અંગે એવી યાચના કરો કે તે (પાપો અને બુરાઈઓ) દૂર થાય.

(૨) અલ્લાહ ત-વ-ત- પાસે એવી યાચના કરો કે તે રોઝા રાખવા અને કુરઆનની તિલાવત (પઠન)ની તમને અંતઃકરણ પૂર્વકની શક્તિ આપે.

(૩) આ માસમાં દરિદ્રો ને સદકો (એક પ્રકારની ભિક્ષા) આપો - પોતાના વડીલોનો આદર કરો - બાળકો ઉપર દયા દૃષ્ટિ રાખો અને સગા સંબંધિઓને ભેટ સોગાતો આપો અને અનાથો પ્રત્યે સહાનુભૂતિ-પૂર્વક વર્તો.


E-mail : hadimasik@yahoo.com

(૪) પોતાની જીભનું એવી વાતોથી રક્ષણ કરો કે જે ન બોલવી જોઈએ અને કાનનું હરામ અવાજો સાંભળવાથી રક્ષણ કરો.

(૫) હે લોકો ! તમારી પીઠ પાપના ભારથી દબાએલી છે તેથી પોતાના સજ્દાઓને લાંબા કરીને તે ભાર હળવો કરી નાખો.

(૬) લોકોને ઈફ્તારી કરાવો કેમકે તેમાં એક ગુલામ આઝાદ કરવા જેટલું પુણ્ય (સવાબ) છે. પછી તે તમે કોઈને ઈફ્તાર અડધી ખજુરથી પણ કેમ ન કરાવ્યો હોય.

(૭) જેવ્યક્તિ પોતાના ચરિત્રને આ માસમાં સારું બનાવશે (સારું રાખશે) તે પુલે-સિરાત ઉપરથી સહેલાઈથી પસાર થઈ જશે.

(૮) જે વ્યક્તિ આ માસમાં પોતાના થકી લોકોને થતું નુકશાન રોકશે અલ્લાહ ત-વ-ત કયામતના દિવસે (તે વ્યક્તિ પ્રત્યેના) પોતાના ક્રોધને રોકી લેશે.

(૯) જે વ્યક્તિ આ માસમાં મુસ્તહબ નમાઝો પઢશે. ખુદા જહન્નમથી તેને દૂર રાખવા માટેનો આદેશ આપશે અને આ માસમાં પઢેલી વાજિબ નમાઝોનો સવાબ અન્ય મહીનાઓની સિત્તેર નમાઝો કરતાં પણ વધારે છે.

(૧૦) જેવ્યક્તિ (આ માસમાં) મારા ઉપર વધારે સલવાત મોકલશે ખુદા તેના આમાલના ત્રાજવાનું પલ્લું ભારે બનાવી દેશે.

(૧૧) આ માસમાં કુરઆન શરીફની એક આયત પઢવાનો સવાબ બીજા મહીનાઓમાં પૂરું કુરઆન ખત્મ કરવા બરાબર છે.







# ખજુરના ફાયદાઓ

ખજુર રણ પ્રદેશનું ગરમીના મોસમમાં થતું ફળ છે. જે પાક્યા પછી સંભાળપૂર્વક સાચવવામાં આવે તો આખું વરસ ઉપયોગમાં લઈ શકાય છે. તેની ઘણી જ જાતો છે. જે રંગ-સ્વાદ અને ગુણધર્મમાં પણ એકબીજાથી ભિન્ન હોય છે. શ્રેષ્ઠ ખજુરો અરબસ્તાનની હોય છે. અરબસ્તાનની ખજુરોની જાતોમાં અંબરીન - અજુવાહ અને બરની પ્રખ્યાત છે. અને ઘણી ઉત્તમ હોય છે. અન્ય ખજુરોમાં ઈરાકના શહેર બસરાની ખજુરો પણ સ્વાદ અને ગુણધર્મમાં ઘણાં ઉમદા પ્રકારની હોય છે.

ખજુર ખાવી તે કેટલીક બીમારીઓમાં પણ ઈલાજ તરીકે ઉત્તમ છે અને તેનું ઘણું મહત્વ અને ફાયદા છે. આવો! આપણે તે વિષે માહીતી મેળવીએ.

- અજુવા ખજુર સ્વર્ગનું ફળ છે. તે ઝેરનું મારણ પણ છે. (નબીયે અકરમ સ.અ.વ.)
- અજુવા ખજુર મનુષ્યના શરીરમાં ઝેર પ્રતિરોધક શક્તિ ઉત્પન્ન કરે છે અને અન્ય ઘણાં રોગોમાં પણ લાભદાયક છે. (ઈમામ સાદિક અ.સ.)
- જો કોઈ મનુષ્ય સવારે સાત નંગ અજુવા ખજુર નરણાં કોઠે ખાઈ લે તો તેને કોઈપણ પ્રકારની ઝેરની અસર થતી નથી. કોઈ બીમારી અથવા જાદુ-ટોણાં, ભૂત-પલીત વિગેરે કોઈ નુકશાન પહોંચાડી શકતાં નથી. (ઈમામ સાદિક અ.સ.)
- જો કોઈ વ્યક્તિ સાત નંગ અજુવા ખજુર રાત્રે સૂતી વખતે ખાઈ લે તો તેના પેટમાં જે નુકશાન પહોંચાડનાર જંતુઓ હશે તે મરી જશે. (ઈમામ સાદિક અ.સ.)
- જે વ્યક્તિ દરરોજ રાત્રીએ સાત નંગ અજુવા ખજુર ખાઈ લેવાની ટેવ પાડી લે તો તેને હરસ મસા (પાઈલ્સ)ની બીમારી થતી જ નથી. (ઈમામ રિઝા અ.સ.)
- ખજુરના ઝાડની લાકડીઓનો ધૂમાડો પૃથ્વી પરના જીવજંતુઓ અને ઝેરીલા પ્રાણીઓને મારી નાંખે છે. (ઈમામ કાઝિમ અ.સ.)
- ખજુર ખાવાથી પીઠ મજબૂત થાય છે. કાનની સાંભળવાની અને આંખોની જોવાની શક્તિઓમાં વૃધ્ધિ થાય છે. અને ભોજનને પચાવવામાં મદદ કરે છે અને મોઢાને ખુશ્બુદાર બનાવે છે. (નબીયે અકરમ સ.અ.વ.)
- રોઝામાં જેની પાસે ખજુર હોય તેણે ખજુરથી રોઝો ઈફતાર કરવો જોઈએ અને ખજુર ન હોય તો પાણીથી રોઝો ઈફતાર કરવો જોઈએ કેમકે આ બંને વસ્તુઓ પાક છે. (નબીયે અકરમ સ.અ.વ.)





E-mail : hadimasik@yahoo.com

# ઈમામ હસન (અ.સ.)ના મોઅજિઝાઓ

★ ઈમામ હસન અ.સ. વિશે એવું વર્ણન મળે છે કે એક વખત કોઈ વ્યક્તિએ તે સમયના સિરિયાના જુલ્મી અને અત્યાચારી શાસકના જુલ્મો અને અત્યાચારોનું વર્ણન આપની સમક્ષ કર્યું. (અને આ કહીને આપ બેબસ છો, કાંઈ કરી શકતાં નથી તેવું તે દર્શાવવા માંગતો હતો) ત્યારે ઈમામ હસન અ.સ. એ ફરમાવ્યું કે "જો હું ખુદા આગળ દુઆ કરૂં તો તે ઈરાકને સિરિયા



બનાવી દેશે અને સિરિયાને ઈરાક - પુરુષને સ્ત્રી બનાવી દેશે અને સ્ત્રીને પુરુષ. "તે વ્યક્તિ સિરીયન (સિરિયાનો રહેવાસી-જે વ્યક્તિ મનમાં ઈમામ અ.સ.ની દુશ્મની રાખે તેવો)હતો. તેણે કહી દીધું કે "આપને આવું કરી શકવાની શક્તિ છે ?" આપ અ.સ.એ ફરમાવ્યું "હે સ્ત્રી ઉભી થઈ જા તને પુરુષો વચ્ચે બેસતાં લાજ નથી આવતી ?" હવે જ્યારે તે સિરિયને જોયું તો પોતાની જાતને સ્ત્રીમાં પલટાઈ ગએલી જોઈ. હઝરત અ.સ. એ તે પછી ફરમાવ્યું : "જા તારી પત્ની પુરુષ થઈ ગઈ છે અને તું તેના વડે ગર્ભધારણ કરીશ અને તારા ઉદરમાંથી જન્મતા સંતાનો હીજડા જન્મશે."

હઝરત અ.સ.એ જેવું ફરમાવ્યું હતું તેવું જ બન્યું પણ ખરૂં. પછી તે બંનેએ તૌબા કરી અને હઝરત અ.સ. પાસે આવ્યાં ત્યારે આપે તેમના માટે દુઆ કરી તો તે બંને ફરી પોતાની મૂળ સ્થિતિમાં આવી ગયા.

★ ઈમામ અ.સ. એક વખતે ઉમરા માટે ગયાં. તેમની સાથે ઝુબૈરના વંશજો પૈકીનો એક મોમિન પુરુષ પણ હતો. અમે માર્ગમાં એક ઝરણાં પાસે પહોંચ્યાં. ત્યાં એક સૂકાએલું ઝાડ પણ હતું. ઝુબૈરીએ કહ્યું "જો ઝાડ ઉપર ફળ હોત તો આપણે ખાતા !" હઝરત અ.સ.એ ફરમાવ્યું : "શું તને તાજી ખજુરો ખાવાની ઈચ્છા થઈ છે ?" તેણે હા કહી. આપે દુઆ માટે હાથ ઉંચા કર્યા અને કાંઈક ફરમાવ્યું. જોતજોતામાં તે ઝાડ લીલુંછમ થઈ ગયું અને તેની ઉપર ખજુરના ફળ પણ આવી ગયાં. રાવી કહે છે કે અમે ઝાડ ઉપર ચઢ્યા અને તેના ફળો તોડીને ખાધાં.

(પુસ્તક-મનાકિબે આલે અલીતાલિબ-પ્રકરણ-મોઅજિઝાજે હસન અ.સ.)



# હઝરત અલી (અ.સ.)ની શહાદત

આપણાં મૌલા અલી (અ.સ.) ને જ્યારે દેખીતી રીતે ખિલાફતની ધૂરા સંભાળવી પડી ત્યાર પછી ઈસ્લામના કાનૂન અને વ્યવસ્થાને યોગ્ય રીતે ગોઠવવા અને બુરાઈઓનો ખાત્મો બોલીવી દેવા માટે જમલ - સિફ્ફીન અને નહરવાન નામના ત્રણ પ્રકારના મહાન યુધ્ધો પણ કરવા પડ્યાં હતાં.

આ લડાઈઓ પૈકી જ એક લડાઈ ''જંગે નહરવાન'' પણ હતી. આ યુધ્ધ મુસલમાનોના એક એવા વર્ગ સાથે થયું હતું જે ઈમામ અલી (અ.સ.)ના સૈન્યમાંથી બગાવત કરીને છૂટો થઈ ગયો હતો. આ વર્ગ કોઈને શાસન કરવાને યોગ્ય નહોતો સ્વીકારતો. છેવટે આ લોકોની ઈમામ અલી (અ.સ.) સાથે લડાઈ થઈ જેમાં આ લોકો ઘણી જ ભૂંડી રીતે હારી ગયાં.

જંગે નહરવાન પછી આ વર્ગ (કે જે ખ્વારિજના નામે ઓળખાતો હતો)ના લોકો મદીના શહેરમાં દરરોજ સભા કરતાં હતાં અને જંગે નહરવાનમાં માર્યા ગએલાં તેમના સાથીઓ માટે રૂદન કરતાં હતાં. એક દિવસ તે અંદરો અંદર સંતલસ કરવા લાગ્યાં કે આવી રીતે બેસી રહીને રડવાથી કાંઈ લાભ થવાનો નથી. ચાલો આપણે અલી (અ.સ.), મુઆવીયા અને અમરે આસ - આ ત્રણેનો વધ કરી નાંખીએ કેમકે આ લોકોને કારણે જ ઈસ્લામી શાસન બરબાદ થઈ ગએલ છે અને આપણાં સાથીઓ પણ માર્યા ગયાં છે.''

તેથી ''ઈબ્ને મુલ્જિમ'' નામની વ્યક્તિએ કહ્યું કે ''હું અલી (અ.સ.)નો વધ કરીશ.'' તેના સાથી હજ્જાજ-બિન-અબ્દુલ્લાહે કહ્યું કે ''હું મુઆવીયાનો વધ કરીશ'' અને અમર બિન બકર તમીમીએ કહ્યું કે ''હું અમરઆસના વધની જવાબદારી સંભાળું છું.'

આમ આ ત્રણેએ એકબીજા સાથે નક્કી કર્યુ કે ૧૯, રમઝાનુલ મુબારકના દિવસે એક નિશ્ચિત સમયે આ ત્રણે ઉપર હુમલો કરીને તેમને મારી નાખવામાં આવે. આવું નક્કી કરીને આ ત્રણે પોતપોતાના ધ્યેયની પ્રાપ્તિ માટે નીકળી પડ્યાં અને પોતપોતાના સ્થાને પહોંચી ગયાં અને નિશ્ચિત સમયે તેમણે હુમલો પણ કર્યો. પરંતુ હજ્જાજ અને તમીમી તો




પોતપોતાના શિકારનો વધ કરવામાં સફળ રહ્યાં નહીં પરંતુ આ મલઊન 'ઈબ્ને મુલ્જિમ' ઈમામ અલી (અ.સ.)ને શહીદ કરી દેવામાં સફળ થઈ ગયો અને મસ્જિદની મેહરાબમાં હઝરત અલીના આ વાક્યની ઘોષણા થઈ કે 'ફુઝ્તો - બે - રબ્બિલ કાઅબા' - ખુદાના સમ! હું (અલી અ.સ.) સફળ થઈ ગયો અને જિબ્રઈલે ઘોષણા કરી. 'ખુદાના સમ! જેના થકી હિદાયત (માર્ગદર્શન) મળતું હતું તે થાંભલો તૂટી ગયો - અમીરૂલ મોઅમેનીનનો વધ કરી દેવામાં આવ્યો.'

આ ઘોષણાં સાંભળીને કૂફાવાસીઓ પોતાના ઘરોમાંથી નીકળી પડ્યાં અને ઘાયલ થઈ ગએલાં હઝરત અલી (અ.સ.)ને ઝડપથી તેમના ઘરે પહોંચાડી દીધાં. તેમની સુશ્રુષા શરૂ થઈ ગઈ. બીજી તરફ ઈબ્ને મુલ્જિમ મુરાદીને પકડીને ઈમામ હસન (અ.સ.)ને સોંપી દેવામાં આવ્યો. ઈમામ હસન (અ.સ.)એ તેને જેલમાં નાંખી દીધો અને તેના પકડાઈ જવાના સમાચાર પોતાના ઘાયલ પિતાને આપ્યાં. ત્યારે ઈમામ અલી (અ.સ.)એ ફરમાવ્યું : 'જો હું જીવીત રહી જાઉં તો મને એ બાબતની સત્તા છે-હું તેને શિક્ષા કરૂં અથવા તેને ક્ષમાદાન આપી આઝાદ કરી દઉં' - પરંતુ જો મારૂં અવસાન થઈ જાય તો તેની ઉપર એક વખત કરતાં વધારે વાર કરતાં નહીં અને હે દીકરા ! જ્યાં સુધી તે જેલમાં કેદી છે ત્યાં સુધી તેના ભોજન ઈત્યાદીની સારસંભાળ રાખજો. તેને ભૂખ્યો અને તરસ્યો તો રાખતાં જ નહીં.' !!!

પરંતુ અફસોસ કે હઝરત અલી અ.સ. ઉમ્મતના માર્ગદર્શન માટે જીવિત રહી શક્યાં નહીં અને ૨૧ રમઝાનુલ મુબારક સને ૪૦ હિજરીમાં ૬૩ વરસની વયે આ જગતનો ત્યાગ કરી ગયાં. ઈન્ના લિલ્લાહે - વ- ઈન્ના ઈલયહે - રાજેઉન



આપના પવિત્ર શરીરને ખુબ જ ગુપ્તતાથી નજફે અશરફમાં દફન કરી દેવામાં આવ્યું જેથી કરીને આપના શત્રુઓ આપની કબરને ભ્રષ્ટ કરી શકે નહીં.

# "રોઝામાં માંસ ખાવું !"

આપણાં નબીના એક મિત્રએ વર્ણન કર્યુ છે કે (જ્યારે શરૂઆતમાં રોઝા રાખવાની આજ્ઞા આવી ત્યારે) આપ સાહેબ (સ.અ.વ.)એ આજ્ઞા આપી કે બધાં લોકો રોઝો રાખે ! અને હું આજ્ઞા આપું નહીં ત્યાં સુધી ઈફતાર ન કરે !

લોકોએ રોઝા રાખ્યાં. જ્યારે રાત થઈ ગઈ ત્યારે એક વ્યક્તિ આવ્યો અને પુછ્યું 'હે અલ્લાહના રસૂલ (સ.અ.વ.) ! મેં રોઝો રાખ્યો છે, જો આપ પરવાનગી આપો તો ઈફતાર કરૂં !' નબી (સ.અ.વ.)એ ફરમાવ્યું 'હા ! ઈફતાર કરી લો.' તેણે ઈફતાર કરી લીધો - આવી રીતે લોકો આવતાં ગયાં અને નબી (સ.અ.વ.)ની આજ્ઞા લઈને ઈફતાર કરવા લાગ્યાં.

તેવામાં એક વ્યક્તિ આવ્યો અને તેણે કહ્યું 'હે અલ્લાહના રસૂલ (સ.અ.વ.)! મારે ત્યાં બે યુવાન છોકરીઓ છે એમણે રોઝો રાખ્યો છે, તે આપની પાસે આવતાં શરમાય છે. આપ તેમને પણ રોઝા ઈફતાર કરવાની પરવાનગી આપી દો.' નબી (સ.અ.વ.)એ તેના તરફથી પોતાનું મોઢું ફેરવી લીધું. તેણે ફરી પેતાની અરજ ગુજારી, ત્રીજી વખત પણ તેણે પોતાની વાત દોહરાવી. ત્યારે આપ સાહેબ (સ.અ.વ.)એ ફરમાવ્યું 'તે રોઝાદાર કેવી રીતે હોઈ શકે છે ? તેમણે તો માંસ ખાધું છે ? જાવ તેમને કહો કે તે રોઝાદાર હતી તો ઉલટી કરી બતાવે !!' તે વ્યક્તિ ચાલ્યો ગયો અને નબી (સ.અ.વ.)ની આજ્ઞા તે છોકરીઓને કહી સંભળાવી. તે છોકરીઓએ ઉલ્ટી કરી તો માંસના ટુકડા તેમની હોજરીમાંથી બહાર નીકળી આવ્યાં - તે વ્યક્તિ દોડતો પાછો નબી (સ.અ.વ.)ની સેવામાં આવ્યો અને જે બન્યું હતું તે કહી સંભળાવ્યું. ત્યારે આપ સાહેબ (સ.અ.વ.)એ ફરમાવ્યું 'સમ છે તે અલ્લાહના ! કે જેના કબ્જામાં મારા પ્રાણ છે !! જો તે માંસના ટુકડા તેમના પેટમાં જ રહી ગયાં હોત તો જહન્નમની આગ તેમને ખાઈ જતી.' પુછપરછ કરતાં એવું જાણવા મળ્યું હતું કે તે બંને છોકરીઓએ રોઝામાં ચુગલખોરી કરી હતી. અને કુરઆનની દૃષ્ટિએ ચુગલખોરી કરવી તે મરી ગએલા ભાઈના માંસ ખાવા જેવું છે. (તેથી તેમની ચુગલખોરી માંસના ટુકડા રૂપે તેમની હોજરીમાંથી બહાર આવી હતી.) (દાસ્તાને દોસ્તાનઃભા.૪, પાના.૨૧૦)



# રોઝાદારની કબરના રક્ષકો

સુફયાન સૂરી નામનો એક નેક વ્યક્તિ જે ઈમામ સજ્જાદ (અ.સ.)ની સેવામાં હાજર થતો રહેતો હતો તે વર્ણવે છે કે એક વખત હું મક્કએ-મુકર્રમાહ ગયો હતો અને ત્યાં કેટલાંક દિવસો સુધી રહ્યો હતો. દરરોજ ઝોહરની નમાઝ વખતે ત્યાંના એક વ્યક્તિને હું જોતો હતો જે તે સમયે ખાનએ કાઅબા પાસે આવતો હતો, ત્યાં તવાફ કરીને બે રકઅત નમાઝ પઢીને મારી પાસે આવતો હતો અને મારી સાથે સલામદુઆ કરીને મારી ખૈરયત જાણીને ચાલ્યો જતો હતો. કેટલાંક દિવસોમાં મારી તેની સાથે સારી એવી મિત્રતા થઈ ગઈ અને હું પણ તેના ઘરે જવા-આવવા લાગ્યો.

એક દિવસ તે બીમાર પડ્યો. પથારીવશ થઈ ગયો હતો. તેણે મને બોલાવ્યો. જ્યારે હું તેના ઘરે ગયો તો જોયું કે તેની સ્થિતિ ઘણી ખરાબ છે. તેણે મને વસીયત કરી કે 'જો હું આ જગતમાંથી ચાલ્યો જાઉં (એટલે કે મારૂં મૃત્યુ થઈ જાય) તો તમે મને ગુસ્લ આપજો - મારા જનાઝાની નમાઝ પણ તમે પઢાવજો અને મારી કબરમાંની પહેલી રાત્રીએ મારી કબર પાસે જ રહેજો. મુનકરીન અને નકીરૈન (આ ફરિશ્તાઓ છે જે અવસાન પામનાર વ્યક્તિની કબરમાં જઈ તેને કાંઈ પુછે છે જેના જવાબ મડદાએ આપવાના હોય છે.) ના સવાલ જવાબ વખતે મારો સાથ આપજો અને મને ખુદા એક અને એક માત્ર છે (વહદાનીયત) વિગેરેની બાબતો સમજાવતાં રહેજો.'

છેવટે તે વ્યક્તિ ગુજરી ગયો. મેં તેની વસીયત ઉપર અમલ કર્યો. તેની કબરમાંની પ્રથમ રાત્રિએ હું ઉંઘતા-જાગતાં (જાગૃત-અર્ધજાગૃત અવસ્થામાં) તેની કબરની પાસે જ રહ્યો. રાત્રે ઉંઘમાં મેં સાંભળ્યું કે કોઈ મને એવું કહે છે કે હે માણસ ! આ કબરમાં જે વ્યક્તિ દફન છે તેનું રક્ષણ કરવા માટે અમે પૂરતાં છીએ. તારી કોઈ જરૂર નથી. મે પૂછ્યું 'તમો એના કયા કૃત્યોને આધારે આ અવસાન પામેલ વ્યક્તિના રક્ષકો અને મદદ કરનારાઓ છો ?' મને જવાબ મળ્યો કે'આ વ્યક્તિના રમઝાનુલ મુબારક માસના રોજાઓને કારણે.' આ વ્યક્તિ રમઝાનુલ મુબારક માસ થાય તેના છ દિવસ પહેલાથી અને રમઝાન માસમાં અને રમઝાન માસ પછી ઈદુલ ફિત્રના દિવસ પછી બીજા છ દિવસ સુધી સતત રોઝા રાખતો હતો તેથી અલ્લાહની આજ્ઞાથી અમે તેની મુશ્કેલીઓમાં દરેક રીતે મદદ કરતાં રહીશું.

સુફયાન સૂરી કહે છે કે હું વઝૂ કરીને બે રકઅત નમાઝ પઢીને ફરી સૂઈ ગયો ત્યારે ઉંઘની સ્થિતિમાં બીજી વખત પણ તે જ સપનું જોયું. તે ઉપરથી જાણી ગયો કે મારૂં સપનું સાચું છે.

(પુસ્તક : ગંજીનએ મઆરિફ : પા.૫૨૫)



# રમઝાનુલ મુબારક માસની તારીખવાર ઘટનાઓ

| | |
|---|---|
| ૧-રમઝાનુલ મુબારક : | (૧) સને ૨૦૦ હિજરીમાં આજના દિવસે મામૂન નામના ખલીફાએ ઈમામ રિઝા (અ.સ.)ને ફક્ત દેખાવ પૂરતા પોતાના 'વલીઅહદ' (કોઈ સમ્રાટ પોતાના મૃત્યુ પછી જે વ્યક્તિ અંગે તે વ્યક્તિ તેના પછી સમ્રાટ બનશે તેની જાહેરાત કરે ત્યારે જે વ્યક્તિ અંગે આવી જાહેરાત કરવામાં આવી હોય તેને 'વલી અહદ' કહેવામાં આવે છે.) જાહેર કર્યા હતાં. |
| ૩-રમઝાનુલ મુબારક : | (૧) સને ૯ હિજરીમાં આજના દિવસે 'તબૂક' નામનું યુધ્ધ થયું હતું. જેમાં પયગમ્બર સાહેબ (સ.અ.વ.) હઝરત અલી (અ.સ.)ને યુધ્ધમાં પોતાની સાથે નહોતાં લઈ ગયાં. પરંતુ મદીના શહેરમાં પોતાના સ્થાને હઝરત અલી (અ.સ.)ને સ્થાપીને ગયા હતાં. (હઝરત અલી (અ.સ.)ને પોતાના "જાનશીન" બનાવીને ગયાં હતાં.) |
| ૬- રમઝાનુલ મુબારક : | સને ૨૦૧ હિજરીમાં ઈમામ રિઝા (અ.સ.)ના નામનો સિક્કો ચલણમાં મુકવામાં આવ્યો હતો. |
| ૧૦-રમઝાનુલ મુબારક : | આજના દિવસે રસૂલ અકરમ (સ.અ.વ.)ના પ્રથમ અને વફાદાર પત્નિ અને હઝરત ઝોહરા (સલા.)ના વાલિદા (માતૃશ્રી) અવસાન પામ્યાં હતાં. આપણા નબીયે અકરમ સ.અ.વ. હંમેશાં આપની પ્રશંસા કરતાં રહેતા હતા. |
| ૧૫-રમઝાનુલ મુબારક: | આજના દિવસે હઝરત ઈમામ હસન (અ.સ.)ની નૂરાની વિલાદત થઈ હતી. આપ સને ૩ હિજરીમાં જન્મયાં હતાં. |
| ૧૭-રમઝાનુલ મુબારક : | (૧) સને ૨ હિજરીમાં આજના દિવસે ઈસ્લામની પ્રથમ લડાઈ "જંગે બદ્ર" (બદ્રની લડાઈ) થઈ હતી. |
| ૧૯-રમઝાનુલ મુબારક : | આજના દિવસે પરોઢિયે આપણાં આકા અને મૌલા હઝરત અલી (અ.સ.)ના માથા ઉપર નમાઝની સ્થિતિમાં વાર કરવામાં આવ્યો હતો. જેનાથી આપ ઘવાયાં હતાં. |
| ૨૦-રમઝાનુલ મુબારક : | આજના દિવસે મક્કા શહેર જીતી લેવામાં આવ્યું હતું. આ મહાન યુધ્ધ સને ૮ હિજરીમાં થયું હતું. |
| ૨૧-રમઝાનુલ મુબારક : | આજના દિવસે આપણાં આકા અને મૌલા હઝરત અલી (અ.સ.) શહીદ થયાં હતાં. આજના દિવસે ઈમામ હસનની ખિલાફત માટે લોકોએ બયઅત કરી હતી. આજના દિવસે ઈબ્ને મુલ્જિમનો વધ થયો હતો. |
| ૨૩-રમઝાનુલ મુબારક : | આજના દિવસે જ "શબે કદ્ર"માં કુરઆન નાઝિલ થયું હતું. (ઉતર્યું હતું.) |



E-mail : hadimasik@yahoo.com

# અમારા પ્રશ્નો તમારા જવાબો

પ્રશ્ન-૧ : કયા માસને "અલ્લાહનો મહીનો" કહેવામાં આવે છે ?
(અ) રજ્જબ (બ) શાઅબાન (ક) રમઝાન (ડ) શવ્વાલ

પ્રશ્ન-૨ : મામૂને દેખાવ પૂરતા ઈમામ રિઝા (અ.સ.)ને પોતાના વલી અહદ કયા માસની કઈ તારીખે બનાવ્યાં હતાં ?
(અ) ૫-રજબ (બ) ૧૦- શાઅબાન (ક) ૧૧-રમઝાન (ડ) ૧-રમઝાન

પ્રશ્ન-3 : ઈમામ રિઝા (અ.સ.)ના નામનો ઈસ્લામી સિક્કો કઈ હિજરી સનના રમઝાનુલ મુબારકમાં ચલણમાં મૂકવામાં આવ્યો હતો ?
(અ) ૨૧૨ હિજરી સન (બ) ૨૦૮ હિજરી સન
(ક) ૨૨૦ હિજરી સન (ડ) ૨૦૧ હિજરી સન

પ્રશ્ન-૪ : જનાબ ખદીજતુલ કુબરાની વફાત (અવસાન) કયા માસમાં થઈ હતી ?
(અ) રમઝાનુલ મુબારક (બ) રજબુલ મુરજ્જબ
(ક) શાઅબાનુલ મોઅઝ્ઝમ (ડ) શવ્વાલ મુકર્રમ

પ્રશ્ન-૫ : રમઝાનુલ મુબારક માસમાં કયા ઈમામની વિલાદત થઈ હતી ?
(અ) ઈમામ અલી (અ.સ.) (બ) બીજા ઈમામ (અ.સ.)
(ક) ઈમામ હસન (અ.સ.) (ડ) બ અને ક બંને સાચા

પ્રશ્ન-૬ : ઈમામ અલી (અ.સ.)ની શહાદત કયા માસની કઈ તારીખે થઈ હતી ?
(અ) ૧૫ રમઝાનુલ મુબારક (બ) ૧૯ રમઝાનુલ મુબારક
(ક) ૧૫ શવ્વાલ (ડ) ૨૧ રમઝાનુલ મુબારક

પ્રશ્ન-૭ : હઝરત અલી (અ.સ.)ને કત્લ કરનાર કોણ હતું ?
(અ) મુઆવિયા (બ) ઈબ્ને મુલ્જિમ
(ક) યઝીદ (ડ) અમર આસ

પ્રશ્ન-૮ : કુરઆન મજીદનો નઝૂલ રમઝાનુલ મુબારકની કઈ શબ (રાત્રી)માં થયો હતો ?
(અ) શબે મેઅરાજ (બ) શબે ઈદ (ક) શબે આશૂર (ડ) શબે કદ્ર

પ્રશ્ન-૯ : ઈમામ હસન (અ.સ.)ની વિલાદત કઈ સન હિજરીમાં થઈ હતી ?
(અ) સન 3 હિજરી (બ) સન ૫ હિજરી
(ક) સન ૧ હિજરી (ડ) સન ૨ હિજરી

પ્રશ્ન-૧૦ : નબીયે અકરમ સ.અ.વ. એ અલ્લાહ સાથે વાતચીતનો માધ્યમ કોને દર્શાવ્યો છે ?
(અ) કુરઆનની તિલાવત (બ) રોઝા (ક) ઈફતારી (ડ) સહરી કરવી તે

# રોઝાનું મહત્વ



**રોઝાની ઘણી જ ખૂબીઓ વર્ણવવામાં આવેલ છે. ચાલો, આપણે તે ખુબીઓ ઉપર નજર નાખીએ.**

★ નબીયે અકરમ સ.અ.વ એ ફરમાવ્યું છે કે રોઝો જહન્નમની આગ સામે ઢાલની જેમ રક્ષણ આપે છે.

(વસાએલુલ અખ્લાક - રોઝા અંગેનું પ્રકરણ)

★ નબીયે અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કે સ્વર્ગનો એક ખાસ દરવાજો છે. તેનું નામ“ઝય્યાન” છે. આ દરવાજામાં થઈને ફક્ત રોઝાદાર વ્યક્તિઓ જ સ્વર્ગમાં પ્રવેશી શકશે.

(વસાએલુશ્શીઆ - ભા.૭, પા.૨૯૫)

★ નબીયે અકરમ સ.અ.વ.નું ફરમાન છે કે “એવો કોઈ મોઅમિન નથી કે જે રમઝાન માસના રોઝા રાખે અને અલ્લાહ તેને સાત ઈનામોથી પુરસ્કૃત ન કરે” તે સાત ઈનામો નીચે મુજબ છે.

(૧) તેના શરીરમાં જે કાંઈ પણ હરામ વસ્તુઓ છે તે પાણી થઈ જાય છે.

(૨) અલ્લાહની કૃપા દૃષ્ટિ તેને પ્રાપ્ત થાય છે.

(૩) બાબા આદમ અ.સ. ના “તર્કે ઉલા” નો કફ્ફારો થઈ જાય છે.

(૪) મૃત્યુ કાળની કઠિનાઈઓ તેના માટે આસાન થઈ જાય છે.

(૫) કયામતના દિવસે ભૂખ અને તરસથી તે રક્ષિત થઈ જાય છે.

(૬) જહન્નમ(નર્ક)ની અગ્નિથી તેને મુક્તિ મળી જાય છે.

(૭) સ્વર્ગની પાક ખાવા પીવાની વસ્તુઓ તેને ખાવા માટે આપવામાં આવે છે.

(મન-લા-યહઝરહુલ ફકીહ - ભા.૨, પા.૩)

★ અનુભવોને આધારે રોજાના અન્ય ફાયદાઓ પણ જણાઈ આવ્યાં છે. દા.ત.

(૧) માણસનું હૃદય અને તેનું સંપૂર્ણ અસ્તિત્વ પાક-સાફ પવિત્ર થઈ જાય છે.

(૨) માણસના હૃદયમાં નરમાશ આવી જાય છે.

(૩) અલ્લાહની નેઅમતો માટે તેના હૃદયમાં આભારની લાગણી જન્મે છે.

(૪) ખુદાનો (તે વ્યક્તિ પ્રત્યેનો) ક્રોધ સમી જાય છે. કેમકે ખુદા ભુખ્યાઓને સજા આપતો નથી.

(૫) મનુષ્યની કામલાલસાની અગ્નિને ઠારી દે છે.

(૬) વધારે પડતી ઉંઘથી બચાવે છે.

(૭) શરીરની આળસને દૂર કરે છે અને અલ્લાહના આજ્ઞાપાલન તરફ તેને પ્રેરે છે.

(૮) શરીરને ચુસ્ત-દુરસ્ત રાખે છે.

(૯) અન્યોની ભૂખની તકલીફ પ્રત્યે અનુકંપા પેદા કરે છે.

ઈમામ અલીએ ફરમાવ્યું છે કે તેમણે આ વાત નબીયે અકરમ સ.અ.વ. પાસેથી સાંભળેલી છે કે જો કોઈ વ્યક્તિએ રોઝો રાખ્યો હોય અને તે ભોજન જુએ તે ભોજન ખાવાનું તેને મન પણ થાય પરંતુ રોઝો રાખ્યો હોવાથી તે ભોજન તે રોઝાદાર વ્યક્તિ ન આરોગે તો ખુદા સ્વર્ગના ભોજન અને ત્યાંના પીણાઓથી તે વ્યક્તિને નવાજશે.

(દાસ્તાન હાએ મઅનવી)





# રોઝાની ઈફતારી

વહાલા બાળકો અને નવયુવાન મિત્રો !

રમઝાનના મુબારક માસમાં જ્યાં રોઝા રાખવા અને રોઝાદારને ખૂબ માન આપવા અંગે ખૂબ તાકીદ કરવામાં આવી છે ત્યાં રોઝા ખોલાવવા (રોઝા ઈફતારી કરાવવા)ની એટલી જ તાકીદ કરવામાં આવી છે અને તેનો ઘણો સવાબ વર્ણવવામાં આવેલ છે.

★ નબીયે અકરમ (સ.અ.વ.)ફરમાવે છે કે : તમારામાંથી જો કોઈપણ વ્યક્તિ જ્યારે રમઝાન મુબારક માસમાં કોઈ મોમિન રોઝાદારને ઈફતારી કરાવે છે ત્યારે તેને 'રાહેખુદા'માં એક ગુલામ આઝાદ કરાવવા જેટલું પુણ્ય (સવાબ) મળે છે અને તેના પાછલા તમામ ગુનાહો માફ કરી દેવામાં આવે છે. (મેઅરાજે બુરકઈ : પાન.૨૩)

★ નબીયે અકરમ (સ.અ.વ.)એ ફરમાવ્યું છે કે : ચાર પ્રકારના માણસોની દુઆ કબૂલ થાય છે અને તેની તે દુઆઓ વખતે ખુદાની રહેમતના દરવાજા ઉઘાડી દેવામાં આવે છે જેથી કરીને દુઆ સીધી 'અર્શે ઈલાહી' સુધી પહોંચી જાય.

(૧) બાપની પોતાના બાળકો માટેની દુઆ.

(૨) જેના ઉપર અત્યાચાર ગુજારવામાં આવ્યો તે વ્યક્તિની અત્યાચાર ગુજારનાર માટેની બદદુઆ.

(૩) ખાનએ કાઅબાની ઝિયારત કરવા માટે જનારની તે પાછો ફરે તે પહેલાંની દુઆ.





(૪) રોઝો રાખનારની તે ઈફતારી કરી લે તે પહેલાંની દુઆ.
(અલકાફી : ભા.૨, પા.૫૧૦)

★ નબીયે અકરમ (સ.અ.વ.)એ ફરમાવ્યું છે કે : રોઝા રાખનારને ઈફતારી કરાવીને જહન્નમ(નર્ક)ની અગ્નિથી રક્ષણ મેળવી લો. જો તમે ઈફતારી અડધી ખજુર કે એક ઘૂંટ પાણીથી કરાવી હોય તો પણ (જો તે એનાથી વધારે કાંઈ આપીને ઈફતારી કરાવવા માટે શક્તિ ન ધરાવતો હોય તો પણ, ખુદાવન્દે આલમ તેને પણ એટલો જ સવાબ આપશે.)(સવાબમાં કમી નહીં કરે.)
(મિફ્રાતીહુલ જિનાન : ઉર્દુ - પા.૩૧૧)

★ હલાલ ખજુર વડે ઈફતાર કરવું તે ૪૦૦ નમાઝોની બરાબર છે. (મિફ્રાતીહુલ જિનાન : ઉર્દુ- પા.૩૧૯)

★ જો કોઈ વ્યક્તિ કોઈ રોઝો રાખનારને ઈફતારી કરાવશે તો તેને પણ રોઝો રાખનાર વ્યક્તિ જેટલો જ સવાબ મળશે અને તે રોઝાદારના સવાબમાંથી પણ કાંઈ ઓછું કરવામાં નહીં આવે.
(નબીયે અકરમનું કથન - મિફ્રાતીહુલ જિનાન : પા.૩૨૦)

★ ઈમામ જાઅફરે સાદિક (અ.સ.)એ ફરમાવ્યું છે કે : "જો કોઈ મોમિન બીજા મોમિન ભાઈને રમઝાન માસમાં ભોજનનો એક કોળિયો પણ ખવડાવશે તો તેને તેનો બદલો પાક પરવરદિગાર એ વ્યક્તિ જેટલો આપશે કે જેણે ત્રીસ મોમિન ગુલામોને આઝાદ કરાવ્યાં હોય અને તેની દુઆ ખુદા કબૂલ ફરમાવશે.
(મિફ્રાતીહુલ જિનાન : પા.૩૨૦)





# પત્રાવલી



**વહાલા બાળકો,**

**આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે જરૂર મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



**ભોજાણી અબ્બાસ શબ્બીરઅલી,** પાલીતાણા.



**ભોજાણી તાહીર રઝા ટી.,** મૂલ્લાવાડ, ઢોલકાવાળાની સામે, અંક્લેશ્વર.



**નકવી નવાઝહુસૈન અન્સારહુસૈન,** (સીંગસર) ભાવનગર.



**જામાણી મીસમ,** હુસૈની બિલ્ડીંગ, રૂદરપુરા, સુરત.



E-mail : hadimasik@yahoo.com

# સાચા જવાબો

## વહાલા બાળકો !

**ગયા અંકના પ્રશ્નોના સાચા જવાબો આ પ્રમાણે છે. તમે તમારા જવાબો આનાથી મેળવી લો.**

પ્રશ્ન-૧: ઈમામે હુસૈન (અ.સ.)ની વિલાદતની તારીખ કઈ છે ?
(બ) ૩ શાઅબાન

પ્રશ્ન-૨: ફિતરૂસને પાંખો અને પીછા કયા ઈમામ (અ.સ.) પાસેથી મળ્યાં હતાં ?
(ક) ઈમામ હુસૈન (અ.સ.)

પ્રશ્ન-૩: હઝરત અબ્બાસ (અ.સ.)ની વિલાદતની તારીખ કઈ છે ?
(બ) ૪ શાઅબાન

પ્રશ્ન-૪: મૌલા અબ્બાસ (અ.સ.)ની વાલિદાનું નામ શું છે ?
(ક) ઉમ્મુલ બનીન

પ્રશ્ન-૫: ઈમામ મહદી (અજ.)ની વિલાદત કઈ તારીખે થઈ હતી ?
(ક) ૧૫ શાઅબાન

પ્રશ્ન-૬: ઈમામ મહદી (અજ.) ના કેટલા ખાસ નાયબો હતાં ?
(ડ) ૪

પ્રશ્ન-૭: હઝરત અલી અકબર (અ.સ.)ની વિલાદત કયા માસમાં થઈ હતી ?
(ક) શાઅબાન

પ્રશ્ન-૮: શાઅબાન માસમાં કેટલા ઈમામોની વિલાદત થઈ છે ?
(ક) ૩


## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (3) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | (૧) અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૯૬૯૪૨ |
| | | (૨) ભંભેરા મોહમ્મદ હુસૈન જાફરઅલી ફોન : ૯૪૨૮૧૨૩૨૩૩ |
| કાણોદર | : | મોહસીનભાઈ જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| ભરૂચ | : | જાવેદભાઈ ડોસાણી |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોન: ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | (૧) કમરઅલીભાઈ મોમીન (૨) મૌલાના આલીમઅલી |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| તળાજા | : | મોહસીન અલી જી.ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સીહોર | : | મૌલાના દિલબર હુસૈન ફોન : ૯૯૦૯૪૭૧૪૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પરમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨



# HADI MASIK


: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.

Ph. : +91- 79 - 25892786, 94266 78614, 94266 78612, 97247 37865

**E-mail : hadimasik@yahoo.com**

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*


